**ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટી-20 ઇન્ટરનેશનલ મેચ વરસાદે રદ કરાવી**

# સૂર્યાએ રિધમ પકડી પણ વરસાદે મેચ ધોઈ નાંખી

**વરસાદે** રમતમાં બે વાર વિક્ષેપ પાડ્યા પછી મેચ રદ કરી દેવાઇ ત્યારે ભારતનો સ્કોર એક વિકેટે 97 હતો

**સૂર્યકુમાર** યાદવે કટલાક આકર્ષક શોટ માર્યા અને 24 બોલમાં 39 રન સાથે તે સારી રિધમમાં જણાતો હતો



કેનબેરા, તા. 29 (પીટીઆઈ) : ઓસ્ટ્રેલિયા સામેની આજે અહીં રમાયેલી પ્રથમ ટી-20 મેચ ખરાબ હવામાન અને વરસાદને કારણે રદ કરવાની ફરજ પડી હતી, જો કે વરસાદથી ધોવાયેલી આ મેચમાં ભારત માટે સારા સમાચાર એ રહ્યા હતા કે કેપ્ટન સૂર્યકુમાર યાદવ કેટલાક શાનદાર શોટ્સ સાથે ફોર્મમાં પાછો ફર્યો હોય તેવું લાગી રહ્યું છે.

ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને ભારતને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યું, તે પછી અભિષેક શર્માએ 14 બોલમાં 19 રન કરીને ટીમને ઝડપી શરૂઆત અપાવી હતી. જોકે, એલિસે તેને આઉટ કરીને ઓસ્ટ્રેલિયાને પ્રથમ સફળતા અપાવી હતી. તે પછી શુભમન ગીલ સાથે કેપ્ટન સૂર્યકુમાર જોડાયો હતો અને આ બંને મળીને 9.4 ઓવરમાં સ્કોર એક વિકેટે 97 રન સુધી લઈ ગયા ત્યારે બીજીવાર વરસાદ પડ્યો હતો અને તે સમયે સૂર્યકુમાર 24 બોલમાં 39 રન બનાવીને ક્રિઝ પર હતો. તેની સાથે વાઈસ કેપ્ટન શુભમન ગિલ 20 બોલમાં 37 રન સાથે ક્રિઝ પર હતો. આ બંનેએ બીજી વિકેટ માટે 35 બોલમાં 62 રનની ભાગીદારી કરીને મોટા સ્કોરનો પાયો નાખ્યો હતો.

ભારતીય કેપ્ટને ઘણા આકર્ષક શોટ રમ્યા પરંતુ વરસાદને કારણે તે અને ગિલ અડધી સદી પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા. આ વર્ષે 110થી ઓછા સ્ટ્રાઈક રેટથી માત્ર 100 રન બનાવનારા સૂર્યકુમારે જોશ હેઝલવુડના બોલે પોતાની પરિચિત શૈલીમાં સ્કવેર લેગ પર સિક્સર ફટકારી હતી. મનુકા ઓવલની પિચ સારો બાઉન્સ ધરાવતી હતી, અને સૂર્યકુમારે તેનો ફાયદો ઉઠાવ્યો, નાથન એલિસ સામે 10મી ઓવરના પહેલા બે બોલમાં ચોગ્ગા ફટકાર્યા અને પછી ત્રીજા બોલે છગ્ગો ફટકાર્યો હતો. જોકે, એક બોલ પછી જ વરસાદ ફરી શરૂ થયો, જેના કારણે મેચ અટકાવવાની ફરજ પડી. ગિલે બીજા છેડેથી આક્રમકતા અને ધીરજનું શાનદાર મિશ્રણ દર્શાવ્યું હતું. તેણે ડાબા હાથના સ્પિનર મેથ્યુ કુનમેન સામે ડીપ મિડવિકેટ અને લોંગ લેગ વચ્ચે કાઉ કોર્નર પર શાનદાર સિક્સર ફટકારી. આ સિક્સર ઉપરાંત, ગિલે ચાર સુંદર ચોગ્ગા પણ ફટકાર્યા હતા. આ પહેલા 4.4 ઓવર પછી વરસાદને કારણે રમત બંધ કરવામાં આવી હતી. પ્રથમ વરસાદના વિક્ષેપ પછી જ્યારે રમત ફરી શરૂ થઈ, ત્યારે મેચ ઘટાડીને પ્રતિ ટીમ 18 ઓવર કરવામાં આવી હતી.

### નીતિશ રેડ્ડીને ગરદનમાં ખેંચાણ, ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ત્રણ ટી-20માંથી બહાર

કેનબેરા, તા. 29 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ બુધવારે જણાવ્યું હતું કેઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી ગરદનમાં ખેંચાણને કારણે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ત્રણ ટી-20 મેચમાંથી બહાર થઇ ગયો છે. રેડ્ડી ક્વાડ્રિસેપ્સ ઈજાને કારણે સિડનીમાં ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડેમાંથી બહાર થઈ ગયો હતો અને હવે તેઓ એક નવી સમસ્યા સામે ઝઝૂમી રહ્યો છે. બીસીસીઆઇએ એક મીડિયા રિલીઝમાં જણાવ્યું હતું કે નીતીશ કુમાર રેડ્ડી પ્રથમ ત્રણ ટી-20 મેચોમાંથી બહાર થઈ ગયો છે. આ ઓલરાઉન્ડરે ગરદનમાં ખેંચાણની ફરિયાદ કરી છે, જેના કારણે તેની રિકવરી પર અસર પડી છે. બીસરીસીઆઇ મેડિકલ ટીમ તેની પ્રગતિ પર નજર રાખી રહી છે.

# મહિલા વન ડે વર્લ્ડકપ : દક્ષિણ આફ્રિકા પહેલી વાર ફાઇનલમાં

**એક્લેસ્ટોન** અને લોરેન બેલ સામે મિડલ ઓર્ડર ધરાશાયી પણ લૌરા વોલ્વાર્ડની ઇનિંગથી ઈંગ્લેન્ડને વિક્રમી લક્ષ્યાંક મળ્યો

**મેરિઝાન** કાપના કાતિલ પંજામાં ફસાયેલી ઈંગ્લેન્ડની ટીમ 320 રનના લક્ષ્યાંક સામે 194 રનમાં ઓલઆઉટ થઇ

ગુવાહાટી, તા. 29 : મહિલા વન ડે વર્લ્ડકપમાં આજે બુધવારે અહીં રમાયેલી પહેલી સેમીફાઈનલમાં કેપ્ટન લૌરા વોલ્વાર્ડની 143 બોલમાં 169 રનની શાનદાર ઈનિંગને કારણે દક્ષિણ આફ્રિકાએ સાત વિકેટે 319 રનનો મજબૂત સ્કોર બનાવીને મૂકેલા 320 રનના લક્ષ્યાંક સામે મેરિઝાન કાપની કાતિલ બોલિંગને કારણે ઈંગ્લેન્ડનો માત્ર 194 રનમાં વિંટો વળી ગયો હતો. આ જીતની સાથે જ દક્ષિણ આફ્રિકન મહિલા ટીમ પહેલીવાર વન ડે વર્લ્ડકપની ફાઈનલમાં પ્રવેશી છે.

આ પહેલા ડાબોડી સ્પિનરો સોફી એક્લેસ્ટોન અને લોરેન બેલે દક્ષિણ આફ્રિકાના મિડલ ઓર્ડરનું પતન કર્યું હતું પરંતુ વોલ્વાર્ડે પોતાની ઈનિંગથી ઈંગ્લેન્ડને વર્લ્ડ કપ સેમી ફાઈનલમાં વિક્રમી લક્ષ્યનો પીછો કરવાનો પડકાર આપ્યો હતો.

વોલ્વાર્ડે તાજમિન બ્રિટ્સ સાથે પ્રથમ વિકેટ માટે 116 રન ઉમેર્યા અને દક્ષિણ આફ્રિકાને ધમાકેદાર શરૂઆત અપાવી અને 300 થી વધુના સ્કોર માટે સ્ટેજ સેટ કર્યો હતો. મિડલ ઓવરોમાં ત્રણ રનમાં ત્રણ વિકેટ ગુમાવ્યા બાદ, વોલ્વાર્ડે મેરિઝાન કાપ સાથે ચોથી વિકેટ માટે 72 રનની ભાગીદારી નોંધાવીને ઈનિંગ્સને સ્થિર કરી હતી. દક્ષિણ આફ્રિકાએ 202 રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી અને મજબૂત સ્કોર સુધી પહોંચી ન શકવાના ભય હેઠળ હતું.



SCAN THIS QR CODE FOR THE THEATRE LISTING AND SHOW TIMING
SCAN THIS QR CODE TO BOOK YOUR TICKETS NOW
PARAS

# રોહિત પહેલી વાર વન ડે રેન્કિંગમાં નંબર વન બેટ્સમેન બન્યો

**વિરાટ** કોહલી એક સ્થાન નીચે સરક્યો જ્યારે શ્રેયસ અય્યર એક સ્થાન ઉપર ચઢ્યો

**રોહિત**, ગીલ, કોહલી અને શ્રેયસ મળીને ટોપ ટેનમાં ચાર ભારતીય બેટ્સમેન સામેલ

દુબઈ, તા. 29 (પીટીઆઈ) : માજી ભારતીય કેપ્ટન રોહિત શર્માએ બુધવારે પોતાની શાનદાર કેરિયરમાં પહેલીવાર આઈસીસી મેન્સ વન ડે બેટ્સમેન રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. રોહિતે સિડનીમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી અને અંતિમ વનડેમાં પોતાની યાદગાર સદીની મદદથી બે સ્થાન ઉપર આવીને ઈતિહાસ રચ્યો હતો.

આ ઈનિંગ સાથે, રોહિતે અફઘાનિસ્તાનના આક્રમક બેટ્સમેન ઈબ્રાહિમ ઝદરાન અને તેના ભારતીય સાથી શુભમન ગિલને પાછળ છોડીને પ્રથમ વખત વન ડે ક્રિકેટમાં બેટ્સમેનોમાં ટોચનું સ્થાન મેળવ્યું હતું. રોહિત ઉપરાંત, કેટલાક અન્ય ભારતીય ખેલાડીઓ આ નવીનતમ રેન્કિંગમાં પોતાનું સ્થાન સુધારવામાં સફળ રહ્યા.

### વન ડે ટોપ ટેન બેટ્સમેન

| ક્રમ | ખેલાડી | દેશ | પોઇન્ટ |
|---|---|---|---|
| 1 | રોહિત શર્મા | ભારત | 781 |
| 2 | ઇબ્રાહિમ ઝદરાન | અફઘાનિસ્તાન | 764 |
| 3 | શુભમન ગીલ | ભારત | 745 |
| 4 | બાબર આઝમ | પાકિસ્તાન | 739 |
| 5 | ડેરિલ મિચેલ | ન્યૂઝીલેન્ડ | 734 |
| 6 | વિરાટ કોહલી | ભારત | 725 |
| 7 | ચરિથ અસલેન્કા | શ્રીલંકા | 716 |
| 8 | હેરી ટેક્ટર | આયર્લેન્ડ | 708 |
| 9 | શ્રેયસ અય્યર | ભારત | 700 |
| 10 | શે હોપ | વેસ્ટઇન્ડિઝ | 690 |

### વન ડે ટોપ ટેન બોલર્સ

| ક્રમ | ખેલાડી | દેશ | પોઇન્ટ |
|---|---|---|---|
| 1 | રાશિદ ખાન | અફઘાનિસ્તાન | 710 |
| 2 | કેશવ મહારાજ | દ. આફ્રિકા | 690 |
| 3 | મહિષ તિક્શાના | શ્રીલંકા | 659 |
| 4 | મિચેલ સેન્ટનર | ન્યૂઝીલેન્ડ | 648 |
| 5 | જોફ્રા આર્ચર | ઈંગ્લેન્ડ | 647 |
| 6 | બર્નાર્ડ સ્કોલ્ઝ | નામિબિયા | 645 |
| 7 | કુલદીપ યાદવ | ભારત | 634 |
| 8 | જોશ હેઝલવુડ | ઓસ્ટ્રેલિયા | 628 |
| 9 | મેટ હેનરી | ન્યૂઝીલેન્ડ | 627 |
| 10 | આદિલ રશિદ | ઈંગ્લેન્ડ | 616 |

## પ્રથમ ટી-20 : પાકિસ્તાન પર દક્ષિણ આફ્રિકાની મોટી જીત

રાવલપિંડી, તા. 29 : ત્રણ ટી-20 ઈન્ટરનેશનલ મેચની સીરિઝની અહી રમાયેલી પહેલી ટી-20માં સ્ટાર બેટ્સમેન બાબર આઝમની ટી-20 ઈન્ટરનેશનલમાં વાપસી યાદગાર રહી ન હતી અને તે પોતાનું ખાતું પણ ખોલી શક્યો ન હત અને પ્રમાણમાં નબળી દક્ષિણ આફ્રિકાની ટીમે પાકિસ્તાનને 55 રનથી હરાવ્યું હતું. પાકિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ માટે આમંત્રણ આપ્યા પછી, દક્ષિણ આફ્રિકાએ નવ વિકેટે 194 રનનો મજબૂત સ્કોર બનાવ્યો. ઓપનર રીઝા હેન્ડ્રિક્સે 40 બોલમાં 60 અને જ્યોર્જ લિન્ડેએ 22 બોલમાં 36 રન બનાવ્યા હતા. 195 રનના લક્ષ્યનો પીછો કરતી વખતે પાકિસ્તાન માત્ર 139 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. બાબરે છેલ્લે ડિસેમ્બર 2024 માં દક્ષિણ આફ્રિકા સામે T20I રમી હતી. તે ફક્ત બે બોલ સુધી રમ્યો અને પાવરપ્લેમાં કવર પર હેન્ડ્રિક્સ દ્વારા કેચ થયો હતો.

# આજે બીજી સેમીફાઈનલ : ભારત સામે ઓસ્ટ્રેલિયાનો મુશ્કેલ પડકાર

**નવી** મુંબઈમાં વરસાદની 25 ટકા સંભાવના, મેચ દરમિયાન વિઘ્ન આવી શકે

**બપોરે** 3.00 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

નવી મુંબઈ, તા. 29 (પીટીઆઈ) : મહિલા વર્લ્ડકપમાં આવતીકાલે ગુરૂવારે અહીં રમાનારી બીજી સેમીફાઈનલમાં અંતિમ ચારમાં નસીબના જોરે પહોંચેલી ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા તરફથી આકરા પડકારનો સામનો કરશે ત્યારે ચાહકો એવી આશા રાખશે કે કેપ્ટન હરમનપ્રીત કૌર આઠ વર્ષ પહેલા રમાયેલી જાદુઈ ઈનિંગનું પુનરાવર્તન કરશે. 2017માં ઈંગ્લેન્ડના ડર્બીમાં ઓસ્ટ્રેલિયા સામેની સેમિફાઈનલમાં હરમનપ્રીતના 115 બોલમાં અણનમ 171રન, એક મહત્વપૂર્ણ ક્ષણ હતી જેણે મહિલા ક્રિકેટને ચર્ચામાં લાવ્યું હતું. સાત વખતના વિશ્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા પર વિજય મેળવવાથી ભારતનો આત્મવિશ્વાસ વધશે જ, પરંતુ આઈસીસી ટાઇટલ જીતવાની તેમની આશાઓ પણ વધશે.ભારતીય ટીમમાં અત્યાર સુધી સાતત્યનો અભાવ રહ્યો છે અને ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમને હરાવવાની આ તેમના માટે સુવર્ણ તક છે, પરંતુ આ માટે તેમના ખેલાડીઓએ પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે.

વર્તમાન વર્લ્ડ કપમાં ભારતીય ટીમનું પ્રદર્શન અત્યાર સુધી અસ્થિર રહ્યું છે. પહેલી બે મેચ જીત્યા બાદ, તેઓ સતત ત્રણ મેચ હારી ગયા, પરંતુ તેઓએ જોરદાર વાપસી કરી અને સેમિફાઈનલમાં પહોંચવામાં સફળ રહ્યા.

### સુડોકુ ૬૩૫૭ - 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | ૯ | ૩ | | ૪ | ૫ | ૭ | ૨ |
| | | | ૫ | ૮ | | | ૪ | |
| ૫ | ૪ | | | | | ૮ | ૩ | |
| ૧ | ૭ | | ૪ | | ૮ | ૩ | ૯ | |
| ૨ | | | | ૭ | | | | |
| | | | | | | | | |
| ૬ | ૮ | | ૯ | | | ૨ | ૫ | ૩ |
| ૩ | ૨ | | | ૬ | ૭ | ૪ | | |
| | ૧ | | ૨ | | ૩ | | ૬ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### દાઝયાને શાતા

સાધારણ દાઝવાથી પણ બળતરા ખૂબ થાય છે. શક્ય હોય તો તરત ઠંડા પાણીમાં ભાગ બોળી રાખો. બરફનો ટુકડો ઉમેરતાં રહો. કુમાર પાઠાનો ગર લગાડો. આ બનાવી રાખો. આવળના છોડની છાલ, હરડાં, બહેડાં ફળની છાલ સરખા ભાગે લઈ લોખંડની કઢાઈમાં ગરમ કરી બાળો. વસ્ત્રગાળ ભસ્મ ભરી લો. જરૂર પડે ભસ્મ તલના તેલમાં ભેળવી દાઝ્યા પર લગાડો.

# ભારત-એ વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા-એ મેચ : પંતની વાપસી પર નજર

બેંગલુરુ, તા. 29 (પીટીઆઈ) : ભારત-એ અને દક્ષિણ આફ્રિકા-એ વચ્ચે આવતીકાલે ગુરુવારથી અહીં શરૂ થનારી ચાર દિવસીય બિનસત્તાવાર ટેસ્ટ મેચમાં ત્રણ મહિનાના ઈજાના વિરામ પછી ઋષભ પંતનું સ્પર્ધાત્મક ક્રિકેટમાં પુનરાગમન મુખ્ય આકર્ષણ રહેશે. 23 જુલાઈના રોજ ઈંગ્લેન્ડ સામેની ચોથી ટેસ્ટ દરમિયાન પંતને પગમાં ઈજા થઈ હતી અને ત્યારથી તે વિકેટકીપર-બેટ્સમેન રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યો છે. વેસ્ટ ઈન્ડીઝ સામેની ઘરઆંગણે ટેસ્ટ સીરિઝ ચૂકી ગયેલા પંતને વિશ્વ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે બે મેચની ટેસ્ટ સીરિઝ પહેલા મેચ પ્રેક્ટિસ માટે એક મૂલ્યવાન તક મળશે. તે દક્ષિણ આફ્રિકા એ સામેની આ મેચોમાં ભારત એ ટીમનું નેતૃત્વ પણ કરશે. જો આ ભાગમાં સતત વરસાદ રમતને ખલેલ પહોંચાડે નહીં તો પંત વાસ્તવિક મેચની સ્થિતિમાં મેદાન પર થોડો સમય વિતાવવા માટે ઉત્સુક રહેશે.

**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**ઇ- ટેન્ડરીંગ જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૭૬૪/૨૫-૨૬ | ડ્રેનેજ-વ.ગ.પ્રોજેક્ટ | ૦૧ | ૫૦,૦૦,૦૦૦/- |
| ૨ | ૭૬૫/૨૫-૨૬ | આરોગ્ય વિભાગ | ૦૧ | ૨૬,૨૧,૯૦૦/- |
| ૩ | ૭૭૧/૨૫-૨૬ | સ્ટ્રીટલાઈટ વિભાગ | ૦૧ | ૧,૭૩,૦૦,૦૦૦/- |
| ૪ | ૭૭૩/૨૫-૨૬ | મિકેનીકલ વિભાગ | ૦૧ | ૩૭,૨૧,૮૮૦/- |
| ૫ | ૭૭૫/૨૫-૨૬ | રોડ પ્રોજેક્ટ | ૦૨ | ૧૮,૫૬,૩૭,૬૦૮/- |
| ૬ | ૭૭૮/૨૫-૨૬ | ડ્રેનેજ-વ.ગ.પ્રોજેક્ટ | 03 | ૬,૩૧,૮૬,૬૫૪/- |
| ૭ | ૭૭૯/૨૫-૨૬ | ડ્રેનેજ-વ.ગ.પ્રોજેક્ટ | ૦૧ | ૭,૧૩,૯૫,૦૨૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૭૮૧/૨૦૨૫-૨૬ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

### શબ્દગુંફન - ૭૦૮૮ (અરવિંદ એસ. મારૂ)

**આડી ચાવી**

૧. રાજ વહીવટ અંગેનું બંધારણ (૪)
૪. રાજાને કરાતું સંબોધન (૩)
૭. ભૂલભરેલું (૩)
૯. હોશિયાર (૩)
૧૦. વખત (૩)
૧૨. નિર્ણય, ઉકેલ (૨)
૧૩. પોપટ (૨)
૧૪. શૂરવીર (૨)
૧૫. કિંમત, મૂલ્ય (૨)
૧૬. લગની, લગ્ન (૩)
૧૮. પ્રકાર (૨)
૧૯. દયા, કૃપા (૨)
૨૧. સોગન (૩)
૨૪. મનની ઇચ્છા (૫)
૨૭. દુશ્મન (૨)
૨૮. પૃથ્વી (૪)
૩૧. શ્વાસ (૨)
૩૪. રિવાજ (૩)
૩૬. ગણતરી, દાખલો (૩)
૩૭. વાંદરુ (૨)

**ઊભી ચાવી**

૨. પરાક્રમ (૩)
૩. પર્વત (૨)
૪. રાત્રિ (૨)
૫. નોળિયો (૩)
૬. શરીરની અંદર થતી પીડા (૪)
૮. વેલ (૨)
૧૦. પ્રશ્ન (૩)
૧૧. વિશ્વાસ(૩)
૧૨. પ્રત્યેક, દરેક (૨)
૧૪.દુ:ખ (૩)
૧૫. કૃપા, રહેમ (૨)
૧૭. આકાશ (૩)
૧૯. બાળ ભાષામાં ચવાણું (૨)
૨૦. વીસ ઘા કાગળ (૨)
૨૨. પ્રેમપૂર્વક (૩)
૨૩. ફળ (૪)
૨૪. સહાય (૩)
૨૫. કાકાની પત્ની (૨)
૨૬. હોડી (૨)
૨૯. સારી તક (૩)
૩૦. કાંઠો, કિનારો (૨)
૩૨. પૃથ્વી (૨)
૩૩. હોઠ (૨)
૩૫. શિક્ષા, દંડ (૨)

# ઈંગ્લેન્ડનું ટોપ ઓર્ડર ફરી ફેલ, ન્યુઝીલેન્ડે બીજી વનડે જીતી

**ડેરિલ** મિચેલ અને રચિન રવિન્દ્રની અર્ધસદીની મદદથી ન્યૂઝીલેન્ડે મેચ જીતી અજેય સરસાઇ મેળવી

હેમિલ્ટન, તા. 29 (એપી) : આજે બુધવારે અહીં રમાયેલી બીજી વન ડેમાં ઈંગ્લેન્ડના ટોપ ઓર્ડરના વધુ એક પતન બાદ તે 175 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું, જેના કારણે ન્યુઝીલેન્ડે 33.1 ઓવરમાં પાંચ વિકેટે લક્ષ્યાંક કબજે કરીને મેચ પાંચ વિકેટથી જીતીને સીરિઝમાં 2-0થી અજેય સરસાઈ મેળવી લીધી હતી. ઈંગ્લેન્ડનો દાવ ફક્ત 36 ઓવર સુધી ચાલ્યો અને ન્યુઝીલેન્ડે ડેરિલ મિચેલના નોટઆઉટ 56, રચિન રવિન્દ્રના 54 અને મિચેલ સેન્ટનરએ નોટઆઉટ 34 રનની મદદથી 33.1 ઓવરમાં લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. શનિવારે સીરિઝની પહેલી મેચમાં પણ મિચેલે નોટઆઉટ 78 રન ફટકારીને ન્યૂઝીલેન્ડને ચાર વિકેટથી જીત અપાવી હતી. તે મેચમાં પણ ઈંગ્લેન્ડના મુખ્ય બેટ્સમેન નિષ્ફળ ગયા હતા, અને કેપ્ટન હેરી બ્રુકની સદી છતાં, તેમની ટીમ 223 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આજની મેચમાં ઈંગ્લેન્ડ માટે એક સકારાત્મક બાબત ઝડપી બોલર જોફ્રા આર્ચરની વાપસી હતી, જેણે 10 ઓવરમાં 23 રન આપીને ત્રણ વિકેટ લીધી હતી. બ્રુકે બીજી મેચમાં પણ સારી શરૂઆત કરી હતી પરંતુ તે ફક્ત 34 રન જ બનાવી શક્યો હતો.

## આજનું પંચાંગ

**તા. 30/10/2025, ગુરુવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** કારતક :
**તિથિ:** સુદ : આઠમ : 10:07 દુર્ગાષ્ટમી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**રાષ્ટ્રિય દિનાંક :** કારતક 08
**નક્ષત્ર :** શ્રવણ : 18:34
**યોગ :** શૂલ **કરણ:** બાવલ
**રાશિ:** મકર (ખ.જ.)
**દિવસ :** મિશ્ર -ગોપાષ્ટમી, કુષ્માંડ નવમી, અક્ષય નવમી, સત્યુગાદિ,
**સુરતમાં સૂર્યોદય :** 06:41 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:03
**નવકારસી :** 07:29
**પારસી વર્ષ :** 1395, ખોરદાદ માસનો 17મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447, જમાદીઉલ અવ્વલ માસનો 07મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
**રાત્રિનાં ચોઘડિયાં:** અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
**રાહુ કાળ :** બપોરે : 13:30 થી 15:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નોકરીમાં નવા ફેરફારથી જવાબદારી વધશે. સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજ વસ્તુના વેપારમાં લાભ.

**વૃષભ (બ,વ,ઉ,):** સરકારી નોકરિયાતને નવી તક કે યોજનાનો લાભ મળે. વિદેશમાં વિદ્યાભ્યાસમાં વિઘ્નો આવે.

**મિથુન (ક,છ,ઘ,):** ગુપ્ત ભય સતાવે. ગુપ્તશત્રુઓથી સાવધાન સરકારી નોકરિયાતે લાલચથી બચવું અશાંતિ સતાવે.

**કર્ક (ડ,હ,):** ઉંમરલાયકના વિવાહ થાય. નવી ભાગીદારી બને. સરકારી યોજનાનો લાભ મળે. સમાજમાં અશાંતિ.

**સિંહ (મ,ટ,):** વિજાતિય મિત્રોથી સાવધાન માનસિક અશાંતિ વધે. લેવડ-દેવડમાં ગફલત ભારે પડશે.

**કન્યા (પ,ઠ,ણ,):** પ્રેમ વિવાહના પ્રસ્તાવ આવી શકે છે. કોઇ ઇનામ-ભેટ મળે. પરીક્ષામાં સફળતા મળે.

**તુલા (ર,ત,):** જમીન, મિલકત વારસાનાં કામમાં પ્રગતિ થાય. બહારના કામમાં મદદ મળે. પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** પ્રવાસ, શિક્ષણ, ટેકોનોલોજી, દલાલી, ટ્યુશન ભાડા વગેરેને લગતાં કામમાં આવક વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કૌટુંબિક ખર્ચા વધે. પરિવારમાં તાલમેળ ઓછો રહે. આવક વધે. વાણી-વ્યવહારથી સફળતા મળે.

**મકર (ખ,જ,):** નવા ક્રિએટીવ વિચારોથી નવી તક ઊભી થાય. નોકરીમાં પ્રગતિ કે પગારવધારો થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** અચાનક ખર્ચા વધશે. વિદેશથી શુભ સમાચાર આવે. ધાર્મિક કામથી શાંતિ મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** શેર બજારમાં ધીરજ રાખવી. પ્રેમમાં અસંતોષ વધે. સ્વાર્થી મિત્રોથી નુકસાન થાય.

### કોઈ પણ સાલમાં 30 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંઘર્ષવાળું રહેશે. નોકરી ધંધામાં નવી ટેકનોલોજી અને નીતિ પ્રમાણે કામ કરવું પડશે. સમાજમાં અશાંતિ વધે. કુટુંબની અપેક્ષાઓ સાતવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં ચડતી-પડતી રહે. આરોગ્ય નરમ ગરમ રહે. ઉઘરાણીથી ચિંતા સતાવે. ઉંમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. નોકરી-ધંધામાં હરીફો વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં, વિલંબ વધશે. સરકારી નોકરિયાતની જવાબદારી અને કાર્યબોજ અશાંતિ વધારે. વિદેશ પ્રવાસ, વિદેશમાં અભ્યાસ વગેરે કામમાં વિલંબ થાય. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. નવા ઘર, વાહન મકાનની યોજના મધ્ય વર્ગમાં સફળ બને. વારસા જાયદાદ જમીનનાં કામ ધીમાં પડે. મિત્રો-વડીલોની મદદ વર્ષ દરમિયાન મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી, માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. જૂન-જુલાઈમાં ખર્ચા પર કાબૂ નહીં રહે.

**Chola** Enter a better life

**ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ**

કોર્પોરેટ ઓફિસઃ ચોલા કેસ્ટ, સુપર B, C54 અને C55, 4, થિરુ વી કાઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નાઈ - 600 032. ટી.એન.

**ડિમાન્ડ નોટિસ**

નાણાકીય અસ્કયામતોની સુરક્ષા અને પુનઃનિર્માણની જોગવાઈઓ અને સુરક્ષા હિત અધિનિયમ, 2002 ("અધિનિયમ") અને સુરક્ષા હિત (અધિનિયમ")ના અમલીકરણની જોગવાઈઓ હેઠળ

નીચે સહી કરનાર ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ (સિક્યોર્ડ ક્રેડિટર)ના અધિકૃત અધિકારી હોવાના નાતે અધિનિયમ હેઠળ અને અધિનિયમની કલમ 13(12) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને નિયમ 3 સાથે વાંચેલા કાયદાની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરીને નીચેના લેનારા(ઓ)ને ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર સંબંધિત નોટિસ(ઓ)માં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે આહ્વાન કર્યું હતું. નીચે હસ્તાક્ષર કરનાર વ્યાજબી રીતે માને છે કે ઉધાર લેનારાઓ ડિમાન્ડ નોટિસની સેવા ટાળી રહ્યા છે, તેથી નિયમો અનુસાર, નોટિસની સેવા નોટિસ ચિપકાવવા અને પ્રકાશન દ્વારા પ્રભાવિત થઈ રહી છે. ડિમાન્ડ નોટિસ(ઓ)ની સામગ્રી અહીં નીચે આપવામાં આવી છેઃ-

| અ. નં. | ઉધાર લેનારા/ઓ અને સહ-ઉધાર લેનારાઓનું નામ અને સરનામું | લોનની રકમ | ડિમાન્ડ નોટિસ તારીખ અને બાકી લેણી રકમ | મિલકત / સુરક્ષિત સંપત્તિનું વર્ણન |
|---|---|---|---|---|
| 1. | લોન A/C. નં.(ઓ). : LAP5STR000153238 & LAP3STR000077031 1. શ્રી/શ્રીમતી નિલેશભાઈ શાંતિલાલ પટેલ ઉર્ફે નિલેશભાઈ પટેલ 2. શ્રી/શ્રીમતી પટેલ રીનાબેન નિલેશભાઈ ઉર્ફે રીનાબેન પટેલ સરનામુંઃ- 52 મંદિર ફળિયું, પરવત ચોરાસી સુરત, પર્વત રોડ, સુરત, ગુજરાત - 395010. આ ઉપરાંત : ઘર/પ્લોટ નંબર 52, દરજી મહોલ્લો, રણછોડજી મંદિર સામે, મકાન/પ્લોટ નં. 52, પર્વત, સુરત શહેર, સુરત, ગુજરાત, 395012, દરજી મહોલ્લો, રણછોડજી મંદિર સામે, સુરત, ગુજરાત - 395012. | Rs. 19,00,000/- | ૨૪.૧૦.૨૦૨૫ ૨૧.૧૦.૨૦૨૫ના રોજ રૂ. ૨૦,૦૫,૫૩૮/- (રૂપિયા વીસ લાખ પાંચ હજાર પાંચસો આડત્રીસ માત્ર) | ઘર નં. ૫૨ અને તેના સી. એસ. નં. ૨૮૭ ધરાવતી બધી જ સ્થાવર મિલકતના ટૂકડા, જે ૧૮૭.૮૮ માપે છે, જેમાં ૧૫૨.૩૬ ચોરસ મીટર કાર્પેટ એરિયા અને જમીનમાં અવિભાજિત હિસ્સો છે, જેમાં મોજે ગામઃ પર્વત તાલુકાઃ ચોર્યાસી જિલ્લો સુરત અને તેની આસપાસના વિસ્તારના તમામ હકો છે. સીમાઓ- ઉત્તર તરફઃ- રસ્તો, દક્ષિણ :- રસ્તો, પૂર્વ તરફઃ- મકાન નં. ૫, પશ્ચિમ તરફઃ- મકાન નં. ૫૧. |
| 2. | લોન એ/સી. નંબર(એસ). : HL04STR000027019 1. શ્રી/શ્રીમતી હસમુખલાલ ગોવિંદભાઈ ગીલાતર 2. શ્રી/શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ ગીલાતર સરનામુંઃ- C-304 PI-4, કર્મભૂમિ એપાર્ટમેન્ટ, પાલનપોર જકાતનાકા કેનાલ રોડ સુરત, ચોર્યાસી, ગુજરાત - 395009. આ ઉપરાંતઃ પ્લોટ નંબર 4/C પ્રભુનગર કો. ઓપ. હાઉ. સોસા. V-1 કતારગામ સુરત B/H પ્રાણનાથ હોસ્પિટલ સુરત શહેર - 395004. | Rs. 18,00,000/- | 27.10.2025 27.10.2025ના રોજ રૂ. 20,09,728/- (રૂપિયા વીસ લાખ નવ હજાર સાતસો અઠ્ઠાવીસ માત્ર) | સ્થાવર મિલકતનો તમામ ભાગ ધરાવતો પ્લોટ નં. 4/C, 46.76 ચો. મીટર "પ્રભુનગર કો. ઓપ. હા. સો. લિ. ભાગ-1" માં સ્થિત એસટી રેવન્યુ સર્વે નંબર 468, ટી.પી. સ્કીમ નંબર 18, ફાઇનલ પ્લોટ નંબર 24 મોજેઃ કતારગામ, સુરત શહેર. |

ઋણ લેનાર(ઓ)ને આથી ડિમાન્ડ નોટિસ(ઓ)નું પાલન કરવા અને તેમાં અને અહીં ઉપર દર્શાવેલ માંગની રકમ આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર લાગુ પડતા વ્યાજ, વધારાના વ્યાજ, બાઉન્સ ચાર્જીસ, ખર્ચ અને ચૂકવણીની પ્રાપ્તિની તારીખ સુધીના ખર્ચની ચૂકવણી કરવાની સલાહ આપવામાં આવે છે. ઋણ લેનાર (ઓ) નોંધ કરી શકે છે કે ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ એક સુરક્ષિત લેણદાર છે અને ઋણ લેનાર (ઓ) દ્વારા મેળવવામાં આવેલી લોન સુવિધા એ સ્થાવર મિલકત/સંપત્તિઓ સામે સુરક્ષિત દેવું છે. જો ઉધાર લેનાર (ઓ) નિર્ધારિત સમયની અંદર તેમની જવાબદારીઓને સંપૂર્ણ રીતે નિભાવવામાં નિષ્ફળ જાય તો સુરક્ષિત લેણદાર અધિનિયમની કલમ 13(4) હેઠળ સુરક્ષિત અસ્કયામતો(ઓ)નો કબજો લેવા માટેના તમામ અધિકારોનો ઉપયોગ કરવા માટે હકદાર રહેશે. વેચાણના માર્ગે અથવા અધિનિયમ અને તેના હેઠળના નિયમો હેઠળ ઉપલબ્ધ અન્ય કોઈપણ ઉપાયનો ઉપયોગ કરીને અને બાકી લેણી રકમ વસૂલ કરીને તે જ સ્થળાંતરિત કરવા સહિત, પરંતુ મર્યાદિત નથી. સિક્યોર્ડ લેણદારને વેચાણ અથવા ટ્રાન્સફરનો અધિકાર લાગુ કરતાં પહેલાં સુરક્ષિત અસ્કયામતો (ઓ) જપ્ત અને/અથવા સીલ કરવાની સત્તા આપવામાં આવી છે. સુરક્ષિત અસ્કયામતો(ઓ)ના વેચાણ પછી જો ગીરો મૂકેલી મિલકતોનું મૂલ્ય સિક્યોર્ડ ક્રેડિટરને ચૂકવવાપાત્ર લેણાંને આવરી લેવા માટે અપૂરતું હોય તો સિક્યોર્ડ લેણદારને બાકી લેણાંની વસૂલાત માટે અલગ કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો અધિકાર પણ છે. આ ઉપાય કોઈપણ અન્ય કાયદા હેઠળ સિક્યોર્ડ લેણદારને ઉપલબ્ધ અન્ય તમામ ઉપાયો ઉપરાંત અને સ્વતંત્ર છે. સુરક્ષિત અસ્કયામતોને રિડીમ કરવા માટે ઋણ લેનાર(ઓ)નું ધ્યાન, ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, અધિનિયમની કલમ 13(8) તરફ અને આગળ કાયદાની કલમ 13(13) તરફ દોરવામાં આવે છે, જેમાં ઉધાર લેનારાઓ સુરક્ષિત સંપત્તિ(ઓ)નો નિકાલ કરવા અથવા તેની સાથે વ્યવહાર કરવા અથવા વેચાણ, લીઝ અથવા અન્યથા (વ્યવસાયના સામાન્ય અભ્યાસક્રમ સિવાય) કોઈપણ સુરક્ષિત સંપત્તિ(ઓ)ની પૂર્વ લેખિત સંમતિ વિના ટ્રાન્સફર કરવા માટે પ્રતિબંધિત કરે છે. સિક્યોર્ડ લેણદાર અને ઉપરોક્તનું પાલન ન કરવું એ ઉપરોક્ત અધિનિયમની કલમ 29 હેઠળ શિક્ષાપાત્ર ગુનો છે. ડિમાન્ડ નોટિસની નકલ નીચે હસ્તાક્ષરકર્તા પાસે ઉપલબ્ધ છે અને ઉધાર લેનારા(ઓ) જો તેઓ ઈચ્છે તો સામાન્ય ઓફિસ સમય દરમિયાન કોઈપણ કામકાજના દિવસે નીચે હસ્તાક્ષરિત પાસેથી તે મેળવી શકે છે.

એસ.ડી./-
અધિકૃત અધિકારી,
ફોર ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ

સ્થળઃ સુરત, ગુજરાત
તારીખઃ 24.10.2025 / 27.10.2025